# ૧૨.૧ જૈન ધર્મ અને પર્યાવરણ

## વૈજ્ઞાનિક સિદ્ધિઓ

વિકસતા વિજ્ઞાનવાદ અને ભૌતિકવાદે દુનિયાની કાયા પલટ કરી નાખી છે. વિજ્ઞાન એટલે ટેક્નોલોજી પાછળ માનવીએ આંધળી દોટ મૂકી છે. પરિણામે આજે પ્રકૃતિનો કચ્ચરઘાણ નીકળી રહ્યો છે. એક બાજુ આકાશમાં પંખીની જેમ ઉડે છે દરિયામાં ઉંડે ઉંડે માછલીની જેમ તરે છે. અને કોમ્પ્યુટર ઇન્ટરનેટ દ્વારા સમગ્ર વિશ્વને ખોબામાં સમાવી લે છે. આજનો માનવી આશ્ચર્યજનક રીતે આગળ વધી ગયો છે. ૨૧મી સદીની વિકાસયાત્રાનો પ્રારંભ થઈ ચૂક્યો છે ત્યારે ક્લોનીંગ માનવીની ઉત્પત્તિએ વિશ્વના બુદ્ધિધનને પણ આશ્ચર્યચકિત કર્યું છે પરંતુ આ બધી સિદ્ધિઓની પાછળ છુપાયેલી અનેક પ્રાણ સમસ્યાઓની વિકરાળ જ્વાળાઓ સમગ્ર વિશ્વને દઝાડી રહી છે. શું આવી ભૌતિકવાદી દોટ વિશ્વ શાંતિ લાવી શકે ખરી ?

jainuniversity.org

## પર્યાવરણ એટલે ?

માનવીનું કુદરતી જીવન સુખ શાંતિ અને આનંદથી જીવાતું રહે તેમાં પ્રકૃતિ કે કુદરતનો બહુ મોટો ફાળો છે. માનવીની ચોખ્ખી હવા મળે પીવાનું નિર્મળ પાણી મળે, કુદરતનું સાનિધ્ય મળે.રોટી કપડા અને મકાન માટે પાયાની આવશ્યક વસ્તુઓ મળી રહે તે અનિવાર્ય જરૂરિયાત ગણાય છે. સારા પર્યાવરણ માટે સ્વરાષ્ટ્રનો ભૂમિ પ્રદેશ અનુકૂળ હોય, હવા પ્રદૂષણ વગરની હોય, વનસ્પતિઓ ભરપૂર હોય, પશુ, પંખી, પ્રાણીઓ નિર્ભયતાથી જીવતા હોય, જળાશયો, નદી, સમુદ્રો પ્રદૂષણ વગરના હોય અને ભૂરક્ષા, જળ રક્ષા, ગૌરક્ષા અને વનરક્ષા જ્યાં થયેલી હોય ત્યાં સ્વર્ગના સુખની ઝાંખી જોવા મળે છે.

## “સિદ્ધિઓ બની ગઈ સમસ્યાઓ”

આજના કાળે વિરાટકાય યંત્રોથી પ્રદૂષિત થતું વાયુમંડળ છે, આડેધડ કપાતા વૃક્ષોથી ધરતીમાતા ઉજ્જડ બની છે, દુષિત રસાયણોથી વાતાવરણ જોખમી છે, ઓઝોનસ્તરમાં ગાબડાં પડી ગયેલાં છે, અનાવૃષ્ટિ, બેકારી, ભૂખમરો, રોગચાળા જેવી સમસ્યાઓથી આ જગત પીડાતું રહ્યું છે. મલ્ટીનેશનલ કંપનીઓ દ્વારા સ્વાર્થી હિતો વધતા ગયા છે. જંગલોના વિનાશ અને વધતી જતી માનવવસ્તી સામે ઘટતી જતી પ્રાણીસૃષ્ટિ દેખાય છે. તેના પ્રાણઘાતક પરિણામો અને અન્ય સજીવોના કરુણમય દશ્યોથી ઘેરાયેલું આ વિશ્વ હવે શાંતિ ઝંખે છે.

કેનેડાના પર્યાવરણવિદ્ જેમ્સ જ્યોર્જના અહેવાલ પ્રમાણે (પુસ્તક આસ્કીંગ ફોર ધ અર્થ) “સ્વાર્થી માનવીએ લોભ ખાતર પૃથ્વીને સાત રીતે ઘાયલ કરી છે.” તથા વિશ્વ બેંકના સંશોધન પ્રમાણે “વર્તમાન સંજોગોમાં જો પાણીનું રેશનીંગ શરૂ નહિં કરવામાં આવે તો ૨૧ સદીમાં પાણીના મુદ્દે કદાચ લડાયક યુદ્ધ ખેલાશે.” (ધ થર્ડ વેવના લેખક ટોફલરે) આજના વર્તમાન જગતના મુલ્યાંકનો કર્યા પછી તેમને છેલ્લે નિવેદન કરવું પડ્યું કે **“સિદ્ધિઓ બની ગઈ સમસ્યાઓ”**

સંશોધનોના આધારે એટલું તો સાબિત થઈ ચૂક્યું છે કે માનવીનું અને અન્ય પ્રાણી પક્ષીઓનું કુદરતી રીતે જીવાતું જીવન નષ્ટ થવાના આરે છે ત્યારે દરેક રાષ્ટ્ર વિનાશક શસ્રો બનાવવા પાછળ અબજો રૂપિયાનું આંધણ કરે છે. બેફામ અને નિરંકુશ રીતે કુદરતી સંપતિનો વિનાશ કરે છે અને ખુદ માનવીના અસ્તિત્વ ઉપર જોખમ તોળાઈ રહ્યું છે ત્યારે વિશ્વચિંતકો સફાળા જાગી ઉઠ્યા છે. પરિણામે પ્રદૂષણના વિષચક્રમાંથી સમગ્ર જીવસૃષ્ટિને બહાર કાઢવી આવશ્યક છે.

## જૈનોની વિશાળ દૃષ્ટિ

આજે સૌને માટે આ બાબત ચિંતારૂપ બની છે ત્યારે હવે સૌએ સર્વાનુમતે એક બાબત નિર્વિવાદ પણે સ્વીકારવા જેવી છે કે જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતો નિયમો આર્યસંસ્કૃતિ વગેરે પ્રવર્તમાન સંજોગોમાં ઉપયોગી અને સુરક્ષાપ્રદ જણાય છે.

જૈન ધર્મમાં એક સ્થાને લખ્યું છે કે “પરસ્પરોપગ્રહ જીવાનામ્ ।” (તત્ત્વાર્થ સૂત્ર ૫-૨૧) એટલે કે આ સંપૂર્ણ વિશ્વ પરસ્પરના અનુગ્રહ (ઉપકાર)થી જીવી રહ્યું છે. તથા “સવ્વે જીવા વિ ઇચ્છંતિ જીવિઉં ન મરિજ્જિઉં” (દશ

વૈકાલિક સૂત્ર ૬-૧૧) જણાવે છે કે, સર્વ જીવો ગમે તે ભોગે જીવવાને ઈચ્છે છે મરવાને નહીં. આ માટે **'જીવો અને જીવવા દો'** ના સૂત્રો જગત્ વ્યાપી થયા છે. તેથી સર્વ વનસ્પતિઓને સજીવ ગણાવી એટલું જ નહિં પૃથ્વી, પાણી, પવન અને અગ્નિને પણ **અવિકસિત કક્ષાના જીવો** તરીકે તેની ગણતરી કરી છે. અને તેઓનો નિરંકુશ, બેફામ ઉપયોગ કરવાની સ્પષ્ટ ના પાડી છે.

આ બાબતોના પરિપાલન માટે હજારો વર્ષોથી માનવજાત કુદરતી પાણીના સ્રોતથી સંતુષ્ટ હતી. તેનો લાભ એ હતો કે સર્વત્ર બારેમાસ નદીઓ વહેતી હતી. જમીન કાંપવાળી અને શીતલ રહેતી હતી, જંગલો લીલાછમ રહેતાં, જમીનોનું ધોવાણ અટકી જતું, નદીઓ માટીથી પૂરાતી ન હતી, નદી કીનારે ચારાપાણી વધારે મળતું, પશુઓનું સંરક્ષણ થતું હતું અને તેમાંથી જૈવિક ખાતર, બળતણ, આવશ્યક ચીજવસ્તુઓ અને ઔષધિઓ પુષ્કળ પ્રમાણમાં મળતા તથા હવા પાણી અને પ્રકાશ પ્રદૂષણ વગરના રહેતા હતા.

જૈન ધર્મમાં પાયાના સિદ્ધાંતો જે પાંચ બતાવ્યા છે તેમાં સર્વપ્રથમ સ્થાને અહિંસા ધર્મની પ્રધાનતા બતાવી છે. અહિંસા વગર એક પણ ધર્મ વાસ્તવિક સ્વરૂપે કલ્યાણકારી બનતો નથી.

આજના પર્યાવરણના સંજોગોમાં આપણી ફરજ બની રહે છે કે, જો પૃથ્વીવાસી સર્વ જીવોને બચાવવા હશે તો કેટલાંક નિયમોને આપણા જીવનમાં દાખલ કરવા જોઈશે.

## પર્યાવરણની જાળવણી માટે આટલું કરો

૧) માત્ર જરૂરી વસ્તુઓ જ વાપરો, બિનજરૂરી વસ્તુઓ ખરીદીને મનને ખોટો સંતોષ આપવાના મોહને ટાળો. જેથી કચરો અને પ્રદૂષણ વધતું અટકે.

૨) સંગ્રહ વૃતિને દૂર કરો અને બીજાને ઉપયોગી બનો.

૩) જરૂરિયાત કરતા પણ ઓછી ચીજવસ્તુઓથી જીવનવ્યવહાર ચલાવતાં શીખો.

૪) મારી જેમ સર્વ જીવસૃષ્ટિને પણ અસ્તિત્વ ટકાવી રાખવાનો (જીવન જીવવાનો) અધિકાર છે આ લાગણીથી અન્ય સાથે આત્મીય ભાવના વિકસાવો.

૫) નાના મોટા સર્વ જીવો પ્રત્યે આદર અને પ્રેમ રાખો અને કોઈની હિંસા ન કરો.

૬) ભૂરક્ષા, જળરક્ષા, ગૌરક્ષા, વનરક્ષા જેવા મૂલ્યોને બચાવવા માનવી અવરોધો, દબાણો કે નુકશાન કરનારી પ્રવૃતિઓને દૂર કરો તથા કરાવો.

ઉપરોક્ત બાબતે ભારતમાં જ નહીં વિશ્વના અન્ય વિકસિત રાષ્ટ્રોમાં પણ જૈન ધર્મના સિદ્ધાંતોને જીવનવ્યવહારમાં આચરવાની ઝુંબેશ શરૂ થઈ છે તેને આપણે વિશેષ કરવી પડશે. આજનો બુદ્ધિશાળી વર્ગ એક વાતનો સ્વીકાર કરે જ છે કે ભલે વિજ્ઞાન અને ટેક્નોલોજી દ્વારા આજના માનવીને અનેક ગણું બાહ્ય સુખ પ્રાપ્ત થયું છે પરંતુ માનસિક શાંતિ અને આત્માના આનંદ માટે તો કુદરતના ખોળે જ જવું પડશે જેને જૈન ધર્મ પોતાની પાયાની વાતોમાં આવી બાબતોનો સમાવેશ કરે જ છે.